# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

## વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) ભરતી વર્ષ ૨૦૨૬ની ફાઈનલ મેરીટયાદી અંગેની જાહેરાત

જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૬ ની જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા મેરીટયાદી તૈયાર કરવા માટે તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૨૬ થી જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઈન અરજીઓ માંગવામાં આવેલ હતી. જેના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા તા.૧૦/૦૮/૨૦૨૬ના રોજ કામચલાઉ મેરીટયાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. જે અન્વયે તા.૧૩/૦૮/૨૦૨૬ થી તા.૨૦/૦૮/૨૦૨૬ દરમિયાન મળેલ વાંધા અરજીઓની ચકાસણી/નિર્ણય કરી શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ તથા તા.૨૦/૦૧/૨૦૧૭ ના જાહેરનામાની જોગવાઈ આધારે ઉમેદવારોની ફાઈનલ મેરીટયાદી તૈયાર કરી https://dpegujarat.in વેબસાઈટ ઉપર તા.૧૪/૦૯/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવનાર છે.

- ઉમેદવાર મેરીટ માટે લોગિન પર કલીક કરી તેમના અરજીપત્રક પર દર્શાવેલ ટેટ પરીક્ષાનો નંબર અને વર્ષ, પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક, મોબાઈલ નંબર અને પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે. મેરીટક્રમ જોવા માટે વ્યક્તિગત લોગિનમાં મુકેલ મેરીટની લીંક પર કલીક કરવાથી પોતાનો ફાઈનલ મેરીટક્રમ અને મેરીટ વેબસાઈટ ઉપર જોઈ શકશે. તથા વેબસાઈટ ઉપર તમામ ઉમેદવારોની ફાઈનલ મેરીટયાદી મુકવામાં આવેલ છે.
- જે ઉમેદવારોએ વાંધા અરજી કરેલ છે તેઓની વાંધા અરજી ભરતી નિયમો સથે સુસંગત હશે તો જ ગ્રાહ્ય રાખવામાં આવેલ હશે અને તે મુજબ સુધારા/વધારા કરવામાં આવેલ હશે. જે ઉમેદવારોની વાંધા અરજી ભરતી નિયમો સાથે સુસંગત ન હોય તેઓની વાંધા અરજી દફતરે કરવામાં આવેલ છે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.
- આ ફાઈનલ મેરીટયાદી સદર ભરતી અન્વયે ઉમેદવારી નોંધાવેલ તમામ ઉમેદવારોની યાદી છે જે ઉમેદવારોએ ઓનલાઈન અરજીપત્રકમાં ભરેલ વિગતો આધારે તૈયાર કરવામાં આવેલ છે. તેથી ફાઈનલ મેરીટયાદીમાં સમાવેશ થવા માત્રથી નોકરી અંગેનો કોઈ જ હક્ક દાવો કરી શકાશે નહી. આ માત્ર અરજી કરેલ ઉમેદવારોની યાદી છે જે કામ ચલાઉ મેરીટયાદી સંદર્ભે મળેલ વાંધા અરજીઓ બાદ ફાઈનલ કરવામા આવેલ છે.

આજ રોજ સદર ભરતી અન્વયે જાહેરાત મુજબની કુલ ૧૧૦૦૦ જગ્યાઓ માટે જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓ પાસેથી મળેલ માંગણાપત્રકના આધારે જિલ્લાવાર અને કેટેગરીવાર જગ્યાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. નામ. વડી અદાલતમાં દાખલ થયેલ સ્પે.સિ.એ.નં.૩૦૦૫/૨૦૨૬ તથા તેને સંલગ્ન અન્ય પીટીશનો ઉપર નામ. વડી અદાલત દ્વારા તા.૦૭/૦૮/૨૦૨૬ના રોજ કોમન ઓરલ ઓર્ડર આપવામાં આવેલ છે જેના અનુસંધાને પ્રસિધ્ધ કરેલ ખાલી જગ્યાઓ પૈકી નીચે મુજબ કેટેગરીવાર જગ્યાઓ ખાલી રાખવા હુકમ થયેલ હોવાથી નીચે મુજબની જગ્યાઓ ખાલી રાખવામાં આવનાર છે તેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

| કેટેગરી | ખાલી રાખવાની થતી જગ્યાઓ |
|---|---|
| બિન અનામત | ૩૯ |
| અનુસૂચિત જાતિ (SC) | ૯૫ |
| અનુસૂચિત જનજાતિ (ST) | ૧૮૦ |
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) | ૩૨૧ |
| આર્થિક રીતે નબળા વર્ગો (EWS) | ૧૩૯ |
| કુલ | ૭૭૪ |

વધુમાં, સદર ભરતી અન્વયે જિલ્લા પસંદગી માટે ઉમેદવારોને રૂબરૂ ઉપસ્થિત રહેવા માટેના કોલલેટર તા.૧૪/૦૯/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને તે ઉમેદવારોની જિલ્લા/નગર પસંદગી અંગેની પ્રક્રિયા તા.૨૧/૦૯/૨૦૨૬ના રોજથી શરૂ થનાર છે જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

તા.૧૪/૦૯/૨૦૨૬
સ્થળ: ગાંધીનગર

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુજરાત રાજ્ય ગાંધીનગર